# શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા

## નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય: |

દુહા

વંદુ શ્રી મહાવીરને, પુરણ પ્રેમ સહિત

શારદ કસ્તુર ગુરુ નમી, રચું કલ્યાણક ગીત |

દેવો જ્યમ ઉત્સવ કરે, નંદીશ્વર શુભ ઠામ

ત્યમ કલ્યાણક પૂજના, કાપે કષ્ટ તમામ |

શાશન સૂર્યમણી સમા, શ્રી મહાવીર ભગવંત

સમકિત રૂડું પામિયા, ભવ નયસાર કહંત |

મુનીવર નંદનના ભવે, પૂજી પ્રભુ નિષ્કામ

વીશસ્થાનક પદ સેવીને, બાંધ્યું શ્રી જીનનામ |

દેવરૂપ પામી રહ્યા, સ્વર્ગે સાગર વીશ

દૈવી સુખ અધિકતર, ભોગવતા અહોનિશ |

# શ્રી ચ્યવન કલ્યાણક પૂજા પ્રારંભ

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ |

**દુહો**

પુરણ પ્રેમે પૂજીએ, પ્રભુ નવ અંગ ઉદાર

ચ્યવન કલ્યાણક વીરતણું, ચઉગતિ ચૂરણહાર |

**ઢાળ**

(રાગઃ મંગલ મંદિર ખોલો દયામય)

ભવિયા શ્રી જીન પૂજો ભાવે, ભવિયા શ્રી જીન પૂજો ભાવે

શ્રી જીન પૂજો ભાવે, ભવિયા શ્રી જીન પૂજો ભાવે

સ્વામી સેવાથી સુખ થાવે, ભવિયા શ્રી જીન પૂજો ભાવે

જંબૂદ્વીપે સુંદર નયરી, માહણકુંડ સોહાવે

વિપ્ર ઋષભદત્ત દેવાનંદા પત્ની તાસ કહાવે

ભવિયા શ્રી જીન પૂજો ભાવે

આષાઢી સુદ છઠ નિશિ જિનવર, તાસ ઉદર ચ્યવી આવે

ચૌદ સુપન દેખી તે વિપ્રા, અતિશય આનંદ પાવે

ભવિયા શ્રી જીન પૂજો ભાવે

અવધિ જ્ઞાને ઇન્દ્રે જાણ્યું, પ્રભુની સન્મુખ આવે

નમુથ્થુણં ઉચરી શિર નામી, નિજ સ્થાનક પ્રતિ જાવે

ભવિયા શ્રી જીન પૂજો ભાવે

સૌધર્મેન્દ્રે સંશય કીધો, જિન ક્ષત્રિય કુલ આવે

અંતિમ જિનવર નીચ કુલ આવ્યા, વિપરીત ક્યમ એ થાવે

ભવિયા શ્રી જીન પૂજો ભાવે

ભવિયા શ્રી જીન પૂજો ભાવે, ભવિયા શ્રી જીન પૂજો ભાવે

શ્રી જીન પૂજો ભાવે, ભવિયા શ્રી જીન પૂજો ભાવે

(રાગ: ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને કોટી કોટી કરું વંદના)

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

શ્રી જીન પૂજો ભાવે ભવિયા, શ્રી જીન પૂજો ભાવે, શ્રી જીન પૂજો ભાવે

શ્રી જીન પૂજો ભાવે ભવિયા, શ્રી જીન પૂજો ભાવે, શ્રી જીન પૂજો ભાવે

મરીચીને ભવ ઉત્તમ કુલમદ, નીચ ગોત્ર બંધાવે

તો પણ જિનવર કેરા જન્મ, નીચ કુલે નવિ થાવે

શ્રી જીન પૂજો ભાવે ભવિયા, શ્રી જીન પૂજો ભાવે, શ્રી જીન પૂજો ભાવે

હરિણગમેષીને તેડાવી, ઇન્દ્ર કહે શુભ ભાવે

ઉત્તમ કુલમાં જિનને મુકવા, સત્ય સહુ સમજાવે

શ્રી જીન પૂજો ભાવે ભવિયા, શ્રી જીન પૂજો ભાવે, શ્રી જીન પૂજો ભાવે

સિદ્ધારથ નૃપ ક્ષત્રિયકુંડ, નગરનો રાય કહાવે

તસ પટરાણી ત્રિશલા કન્યા, કેરો ગર્ભ ધરાવે

શ્રી જીન પૂજો ભાવે ભવિયા, શ્રી જીન પૂજો ભાવે, શ્રી જીન પૂજો ભાવે



(ચગાવવું)



તે કન્યાને દેવાનંદા, કેરા ગર્ભે લાવે

શ્રી મહાવીરને  ત્રિશલા રાણીની કુખમાં પધરાવે

શ્રી જીન પૂજો ભાવે ભવિયા, શ્રી જીન પૂજો ભાવે, શ્રી જીન પૂજો ભાવે

ચૌદ સુપન દેખે તવ રાણી, અદભુત રૂપ બતાવે

યશોભદ્ર પ્રફુલ્લિત જિન જનની, પતિને વાત જણાવે

શ્રી જીન પૂજો ભાવે ભવિયા, શ્રી જીન પૂજો ભાવે, શ્રી જીન પૂજો ભાવે

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

દુહો

ચૌદ સુપન દેખી અનુપ, ત્રિશલા જાગૃત થાય

પતિ પાસે જઈ પ્રેમથી, વાત કહે સુખદાય ||

ઢાળ

ઉલ્લાસભરી સિદ્ધારથને જઈ કહેતી, જઈ કહેતી પ્રભુની માત રે

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

ઉલ્લાસભરી, ઉલ્લાસભરી

પેહેલે સ્વપ્ને ગજવર દીઠો, વૃષભ પછી હે નાથ રે

કેશરી સિંહ વલી શ્રીદેવી, દેખી થાઉં સનાથ રે

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

ઉલ્લાસભરી, ઉલ્લાસભરી

માલ કુસુમની પંચમ સ્વપ્ને, છટ્ઠે શશિ સુખકાર રે

તમનાશક  અવલોકયો સૂરજ, ધ્વજ સોહે મનહાર રે

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

ઉલ્લાસભરી, ઉલ્લાસભરી

કલશ અનુપમ પદ્મ સરોવર, પદ્મ થકી સોહાય રે

ક્ષીરસાગર સ્વપ્નું અગીયારમું, દેખી કૌતુક થાય રે

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

ઉલ્લાસભરી, ઉલ્લાસભરી

બારમે દેવવિમાન તેરમેં, ગંજ રત્નનો રમ્ય રે

ચૌદમે સ્વપ્ને ધુમ્ર વિનાનો, અગ્નિ દીઠો અગમ્ય રે

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

ઉલ્લાસભરી, ઉલ્લાસભરી

ચિંતન કરત ચૌદ સુપનના, અર્થ ઘટાવે રાય રે

સુંદર સદ્દગુણવાળો થાશે, સુત સહુને સુખદાય રે

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

ઉલ્લાસભરી, ઉલ્લાસભરી

ત્રિશલા રાણી પ્રમુદિત ડોલે, ધર્મ કરે બહુ ભાત રે

સ્વપ્ન પાઠકને રાજા પૂછે, જ્યારે થયું પ્રભાત રે

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

ઉલ્લાસભરી, ઉલ્લાસભરી

. .

માતા ત્રિશલાના નંદ, માતા ત્રિશલાના નંદ

દેખી તારી મૂર્તિ મારું મન લોભાણુંજી, મારું મન લોભાણુંજી

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત,

સુંદર સપના કેરી વાત

જોષી કહેતા સ્વપ્ન ચતુર્દશ, દેખે જીનની માત

ચક્રી જનની તેટલા દેખે, વાસુદેવની સાત

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

સુંદર સપના કેરી વાત

ચાર સ્વપ્ન બલદેવની માતા, નીરખે સત્ય વિચાર

જનની મંડલીક કેરી નિહાલે, સ્વપ્નું એક ઉદાર

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

સુંદર સપના કેરી વાત

કુલ અજવાલે, જગ અજવાલે, થાશે પુત્ર મહાન

ચક્રવર્તી તીર્થંકર થાશે, ત્રિભુવન તિલક સમાન

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

સુંદર સપના કેરી વાત

હર્ષિત નૃપતિ દાન દીયે વલી, ધર્મ કરે બહુ ભાત

ઋદ્ધિ સિદ્ધિ દંપતી પામ્યા, ટળ્યા સહુ ઉત્પાત

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

સુંદર સપના કેરી વાત

(ચગાવવું)

દોહ્દ ઉપજે ત્રિશલાજીને, પૂર્ણ કરે સહુ રાય

અરિહા ભક્તિ પૂજન કરતાં, યશોભદ્ર ગુણ ગાય

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

સુંદર સપના કેરી વાત

માતા ત્રિશલાના નંદ, માતા ત્રિશલાના નંદ

દેખી તારી મૂર્તિ મારું મન લોભાણુંજી, મારું મન લોભાણુંજી

સુંદર સપના કેરી વાત, સુંદર સપના કેરી વાત

સુંદર સપના કેરી વાત

કાવ્યમ

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુકખકાલે |

મહંકરેજ્જાડસુરસુરઈંદા, જએઉસોવીર-જિણિન્દનાહો ||

મંત્ર:

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, જલમ, ચંદનમ, પુષ્પમ, ધૂપમ,

દીપમ, અક્ષતમ, નૈવેધ્યમ, ફલમ, યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

શ્રી ચ્યવન કલ્યાણકે પ્રથમ પૂજા સમાપ્ત ||